બી.પી.એલ. અને એ.એ.વાય. કેટેગરીના લાભાર્થીઓ માટે માહે એપ્રિલ-૨૦૧૫ થી ઘઉં તથા ચોખાનું વિતરણ પ્રમાણ અને ભાવ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૫/જીઓઆઈ/૪૦/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૩૧/૩/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારનો તા.૨૩/૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ૧-૧/૨૦૧૫-બીપી-III

(૨) ભારત સરકારનો તા.૫/૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ૧-૧/૨૦૧૫-બીપી-III

આમુખ :-

ઉકત સંદર્ભ (૧) તથા (૨) થી ભારત સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માં બી.પી.એલ., એ.એ.વાય. તથા એ.પી.એલ. કેટેગરીના રેશનકાર્ડ ધારકોને ઘઉં તથા ચોખાના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે. જે અન્વયે એપ્રિલ-૨૦૧૫ થી બી.પી.એલ. અને એ.એ.વાય. કેટેગરીના લાભાર્થીઓ માટે ઘઉં, ચોખાનું વિતરણ પ્રમાણ અને ભાવ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

ઉકત આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે માહે એપ્રિલ-૧૫ થી રાજયના તમામ જીલ્લાઓના બી.પી.એલ. અને એ.એ.વાય. કેટેગરીના લાભાર્થીઓ માટે નીચે મુજબ ઘઉં તથા ચોખાનું વિતરણ પ્રમાણ અને ભાવ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો કિ.ગ્રા. | ભાવ પ્રતિ કિ.ગ્રા. |
|---|---|---|---|
| એ.એ.વાય.કેટેગરી | | | |
| એ.એ.વાય | ઘઉં | ૧૯.૦૦ | રૂ. ૨-૦૦ પૈસા |
| એ.એ.વાય. | ચોખા | ૧૬.૦૦ | રૂ. ૩-૦૦ પૈસા |
| | | કુલ-૩૫.૦૦ કિ.ગ્રા. | |
| બી.પી.એલ.કેટેગરી | | | |
| બીપીએલ | ઘઉં | ૧૩.૦૦ | રૂ. ૨-૦૦ પૈસા |
| એપીએલ ટુ બીપીએલ | ઘઉં | ૧૬.૦૦ | રૂ. ૭-૭૦ પૈસા |
| બીપીએલ | ચોખા | ૩.૦૦ | રૂ. ૩-૦૦ પૈસા |
| સ્પે. બીપીએલ | ચોખા | ૩.૦૦ | રૂ. ૭-૨૦ પૈસા |
| | | કુલ-૩૫.૦૦ કિ.ગ્રા. | |

૨. સદરહુ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૧૫ થી કરવાનો રહેશે તથા બીજો ઠરાવ ન થાય ત્યાં સુધી તે અમલમાં રહેશે.

૩. એપીએલ કેટેગરીના લાભાર્થીઓ માટે ઘઉં/ચોખાના વિતરણ પ્રમાણ અને ભાવ માટે હવે પછી ઇલાયદા હુકમો કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગર
૨. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા સચિવાલય, ગાંધીનગર
૩. સર્વે જીલ્લા ક્લેક્ટરશ્રીઓ
૪. સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ
૫. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ
૬. નાયબ નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ

<u>નકલ જાણ માટે રવાનાઃ-</u>

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી, અ.ના.પુ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, અ.ના.પુ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.સંસદીય સચિવશ્રી, અ.ના.પુ. ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
૫. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. વિભાગની સર્વે શાખાઓ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૭. સીલેક્ટ ફાઇલ